વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ

રમેશચંદ્ર દલસુખભાઈ ગાંધી
(૧૯૫૬) ફોનઃ૨૩૨૨૩૧૬૪

ગુજરાતના પ્રતિનિધી મંડળની ચીન યાત્રા પૂર્ણ

ગુજરાત વેન્ચર, ફાયનાન્સ, બાંધકામ, શહેર પરિવહનમાં રસ ધરાવતી ચીની કંપનીઓ સાથે વિસ્તારપૂર્વક મીટિંગો

અમદાવાદ, તા.૨૨

વાઈબ્રન્ટ ગુજરાતના પ્રચાર માટે ચીનની મુલાકાતે ગયેલા ગુજરાતના પ્રતિનિધિ મંડળે આજે હોંગકોંગ ખઆતે તેમની યાત્રાનું સમાપન કર્યું હતું, જ્યાં તેમણે ટોચના કોર્પોરેટ જૂથો અને કારોબારી સંસ્થાઓ સાથે બેઠક યોજી હતીજ્ ભારત અને હોંગકોંગ ચેમ્બર ઓફ કોમર્સે સેમિનારનું આયોજન કર્યું હતું, જ્યાં ગુજરાતના પ્રતિનિધિ મંડળે ગુજરાતે કરેલી પ્રગતિની પ્રસ્તુતિ કરી હતી અને રાજ્યમાં મળતી વિશાળ તકો અંગે પણ માહિતી આપી હતી. આ દરમિયાન રોકાણકારોએ ગુજરાતના નાણાંકીય અનેઈન્ફ્રાસ્ટ્રક્ચરક્ષેત્રે રોકાણ માટે રસ દાખવ્યો હતો. વધુમાં પ્રતિનિધિ મંડળે ઉપસ્થિત રહેલા લોકોને રાજ્ય દ્વારા પ્રાયોજિત પ્રાઈવેટ ઈક્વિટી ઈનવેસ્ટમેન્ટ કંપની-ગુજરાત વેન્ચર ફાયનાન્સ લિમિટેડ અંગે પણ ટુંકમાં માહિતી આપી હતી. પ્રતિનિધિ મંડળે વીજ, બાંધકામ અને શહેરી પરિવહન જેવા ક્ષેત્રોમાં રસ ધરાવતી અગ્રણી કંપનીઓ તેમજ હોંગકોંગ સ્થઈત નાણાંકીય સંસ્થાઓ સાથે બેઠક યોજી હતી. ગુજરાતના પ્રતિનિધિમંડળની ગુજરાત સરકારના પ્રિન્સિપાલ રેસિડન્સ કમિશ્નર ભરત લાલની આગેવાની હેઠળની ચીન અને હોંગ કોંગ ખાતેના પ્રવાસે ગુજરાતના ચીન સાથેના સંબંધને વધુ પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું.

નાના ચિલોડા ખાતે નદીમાં ડુબી જવાથી યુવાનનું મોત

રામોલનો યુવાન મિત્રોની સાથે નદીમાં ન્હાવા ગયો હતો અને કાળ ભરખી ગયો : નરોડા પોલીસની ઉંડી ચકાસણી

અમદાવાદ, તા.૨૨

નાના ચિલોડા ગોલેશ્વર મહાદેવ મંદિર ખાતે નદીમાં નહાવા પડેલા યુવાનનું ડુબી જવાથી મોત થયું છે આ અંગે નરોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઘટનાની વિગતો એવી છે કે રામોલ સોમનાથ સોસાયટી ખાતે ૨૨ વર્ષીય માના નાગજીભાઈ રબારી પોતાના પરિવાર સાથે રહેતો હતો. તે ગઈ કાલે બપોરના સુમારે નાના ચિલોડા ગોલેશ્વર મહાદેવના મંદિરે ગયો હતો. બાદમાં તે મિત્રો સાથે સાબરમતી નદીમાં નહાવા પડ્યો હતો. દરમ્યાનમાં અચાનક તે નદીમાં ડુબવા લાગ્યો હતો. તેની બુમો સાંભળી તેના મિત્રોએ બચાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે તેઓ સફળ થઈ શક્યા ન હતા. દરમ્યાનમાં તેના મિત્રોએ નરોડા પોલીસને ઘટનાની જાણ કરતા ફાયરબ્રિગેડને જાણ કરાઈ હતી. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમ દોડી આવી હતી. ફાયરબ્રિગેડે ભારે જહેમતબાદ તેની લાશને બહાર કાઢી હતી.

ઘટનાને પગલે લોકો મોટી સંખ્યામાં દોડી આવ્યા હતા. નરોડા પોલીસે આ અંગે અકસ્માત મોતનો ગુનો નોંધ્યો છે.

રાજ્યભરમાં ભાજપ દ્વારા જેલભરો આંદોલન : સેંકડો કાર્યકરોની ધરપકડ

અમદાવાદ, તા.૨૨

ભ્રષ્ટાચાર અને ભાવ વધારા સામેના વિરોધમાં ભાજપે આજે જેલ ભરો આંદોલન કરીને સરકાર પર દબાણ વધારવાના પ્રયાસ કર્યા હતા. એક દિવસના જેલ ભરો આંદોલનમાં સમાજના દરેક વર્ગના લોકો જોડાયા હોવાનો દાવો ભાજપના નેતાઓ કર્યો છે. ભાજપના નેતાઓએ દેખાવો દરમ્યાન ધરપકડ વ્હોરી હતી. જો કે મોડેથી તમામને છોડી મુકવામા આવ્યા હતા. જુદા જુદા વિસ્તારોમાં વરિષ્ઠ નેતાઓની હાજરીમાં કાર્યકરોએ ધરપકડ વ્હોરી હતી. ભાજપ દ્વારા મોંઘવારી દૂર કરો અન્યથા સત્તા છોડો માંગણીને લઈને આપવામાં આવેલા રાષ્ટ્રવ્યાપી જેલભરો કાર્યક્રમના ભાગરૂપે ગુજરાતમાં ૨૫૦થી પણ વધારે સ્થાનો પર લાખો કાર્યકરો અને જનતા જનાર્દને મોંઘવારી વિરોધના સરઘસ, સુત્રોચ્ચાર અને દેખાવોના કાર્યક્રમમાં ભાગ લઈ મોંઘવારી, ભ્રષ્ટાચાર અને અરાજકતા વધારનારી કોંગ્રેસ સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો અને હજારો કાર્યકરોએ ધરપકડ વહોરી હતી. ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પરશોત્તમભાઈ રૂપાલાની આગેવાનીમાં અમદાવાદમાં ઠક્કરબાપાનગર એપ્રોચ પાસે ચક્કાજામનો કાર્યક્રમ યોજાયો હતો. પરશોત્તમભાઈ રૂપાલા અને રખીયાલના ધારાસભ્ય વલ્લભભાઈ કાકડીયા, કોર્પોરેટરઓ, સંગઠનના હોદ્દેદારોની પોલીસે ધરપકડ કરી હતી. આસરવા, પાલડીચાર રસ્તા પાસે, કાર્યકરોએ મોંઘવારી વિરોધી કૂચ કરી હતી અને ધરપકડ વહોરી હતી. કર્ણાવતી મહાનગરમાં તમામ ૧૬ વિધાનસભામાં મોંઘવારી વિરોધી કૂચમાં હજારો કાર્યકરોએ ભાગ લઈ જેલભરો કાર્યક્રમ કર્યો હતો. કેન્દ્રની મોંઘવારી તેમજ ભ્રષ્ટાચારની જનેતા કોંગ્રેસ સામે સમગ્ર રાજ્યમાં યોજાયેલા જેલભરો કાર્યક્રમની વિગતોમાં ભાજપાના પ્રદેશ મીડીયા ઈન્ચાર્જ ડૉ. જગદીશ ભાવસારે જણાવ્યું હતુંકે સુરતમાં સાત ઝોનમાં કાર્યક્રમો કરાયો હતો. આ ઉપરાંત ભરૂચમાં, વડોદરા અને રાજકોટ અને ભાવનગર ખાતે જેલભરો આંદલોન કાર્યક્રમ યોજાયો હતો.

આજથી ભાજપના રાજ્યવ્યાપી સંમેલનોમાં દિગ્ગજો ભાગ લેશે

અમદાવાદ, તા.૨૨

ગુજરાત ભાજપ દ્વારા ૨૩થી ૨૫ જૂન કાશ્મીર બચાવો - લોકતંત્ર બચાવોના રાષ્ટ્રભાવના જાગરણ અન્વયે યોજાનારા રાજ્યવ્યાપી સંમેલનોની વિગતો આપતા પ્રવક્તા આઈકે જાડેજાએ જણાવ્યું હતું કે ભાજપાના રાષ્ટ્રીય નેતા અને રાજ્યસભાના વિપક્ષના નેતા અરૂણ જેટલી અમદાવાદમાં તા. ૨૩ જૂન ડૉ.શ્યામપ્રસાદ મુખરજીના બલિદાન દિવસે શહિદ મંગલ પાડે ઓડીટોરીયમ નિકોલગામ ખાતે સાંજે ૫.૦૦ કલાકે આયોજીત સંમેલનને સંબોધશે. કાશ્મીર બચાવો - લોકતંત્ર બચાવોના નારાને બુલંદ કરશે અને રાષ્ટ્રીય એકતાના પ્રતિક, કાશ્મીર ભારતનું અભિન્ન અંગ રહે તે માટે જાન ન્યોછાવર કરનાર ડૉ. શ્યામપ્રસાદ મુખરજીને બલિદાનના દિવસે શ્રદ્ધા સુમન અર્પણ કરશે. તેઓએ જણાવ્યું છે કે, કેન્દ્રની કોંગ્રેસના નેતૃત્વમાં કાર્યરત યુપીએ સરકાર ભારતની આન, બાન અને શાન તેમજ પૃથ્વી પરનાસ્વર્ગ કાશ્મીરને ભારતથી અલગ કરવાના ષડયંત્રોમાં સહકાર આપીને એકતા અને અખંડિતતા સામે જે પડકારો ઉભા કરી રહી છે તેને ભાજપા કોઈ સંજોગોમાં સાંખી લેનાર નથી. ભાજપાના રાષ્ટ્રીય મહામંત્રી તેમજ રાષ્ટ્રીય પ્રવક્તા રવિશંકર પ્રસાદ આ સંદર્ભમાં તા. ૨૩ જૂનના રોજ સુરત ખાતે રાત્રે ૮.૩૦ કલાકે પાટીદાર સમાજ વાડી, અંબા તલાવડી, કતારગામ ખાતે કાશ્મીર બચાવો - લોકતંત્ર બચાવો સંમેલનમાં ઉપસ્થિત રહી કાર્યકરો અને શુભેચ્છકોને યુપીએની રાષ્ટ્રવિભાજક નીતિઓથી અવગત કરશે. તેઓએ વધુમાં જણાવ્યું છે કે કાશ્મીર બચવો - લોકતંત્ર બચાવો અભિયાનના ભાગરૂપે ભાજપાના રાષ્ટ્રીય મહામંત્રી અનંતકુમાર તા. ૨૪ જૂનના રોજ રાજકોટ આવશે. ભાજપના પ્રદેશ પ્રભારી અને ભાજપા મહિલા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષા અને રાજ્યસભાના સાંસદ સ્મૃતિ ઈરાની તા. ૨૩ જૂન જામનગર અને તા. ૨૪ જુન ભાવનગર ખાતે કાર્યક્રમમાં હાજરી આપશે. તેઓએ અંતમાં જણાવ્યું છે કે ભાજપાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને સાંસદ પરશોત્તમભાઈ રૂપાલા ૨૪ જૂનના રોજ ડીએન હાઈસ્કુલ આણંદ ખાતે ૪.૦૦ કલાકે યોજાનારા સંમેલનમાં હાજરી આપશે.

તુલસીરામ કેસ મામલે સીબીઆઈ દ્વારા કટારિયાની લાંબી પૂછપરછ

ચાર કલાક સુધી લાંબી પૂછપરછ ચાલી : સમન્સ જારી કરવામાં આવ્યા બાદ રાજસ્થાનના ભૂતપૂર્વ પ્રધાનની પૂછપરછ : ૩૦મીએ ચાર્જશીટ દાખલ કરાશે

અમદાવાદ,તા.૨૨

તુલસીરામ પ્રજાપતિ બનાવટી એન્કાઉન્ટર કેસના સંબંધમાં સીબીઆઈ દ્વારા રાજસ્થાનના ભુતપૂર્વ ગૃહ પ્રધાન ગુલાબચંદ કટારિયાની આકરી પૂછપરછ કરી છે. આ કેસમાં હજુ પણ કેટલી નવી વિગતો સપાટી ઉપર આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. ભાજપના નેતા તપાસ સંસ્થા દ્વારા જારી કરવામાં આવેલા સમન્સના સંબંધમાં ગાંધીનગર પહોંચ્યા હતા. ગાંધીનગર પહોંચ્યા બાદ બપોરના ગાળામાં તુલસીરામ કેસમાં રાજસ્થાનના આ પૂર્વ પ્રધાનની પૂછપરછનો દોર શરૂ થયો હતો. શોહરાબુદ્દીન શેખ બનાવટી એન્કાઉન્ટર કેસમાં તપાસ કરી રહેલી સીબીઆઈની ટીમે દાવો કરી ચુકી છે કે ગુજરાત અને રાજસ્થાન પોલીસે રાજસ્થાનમાં માર્બલ કારોબારીના લોબીના આધાર ઉપર ગેંગસ્ટરને ઠાર મારી દીધો હતો. જો કે આ પરિબળો સીબીઆઈની ચાર્જશીટમાં ક્યારે પણ રજુ થયા નથી. સીબીઆઈએ રાજસ્થાનના રાજકારણીઓ અને માર્બલનના કારોબારીઓની પૂછપરછના પ્રયાસ હજુ સુધી કર્યા નથી.

વર્ષ ૨૦૦૬માં તુલસીરામ એન્કાઉન્ટરનો મામલો આવ્યો હતો ત્યારે કટારિયા રાજસ્થાનના ગૃહ પ્રધાન હતા. તપાસના પ્રથામિક તબક્કા દરમિયાન સીઆઈડી (ક્રાઈમ) ગુજરાતે રાજસ્થાનના ચાર પોલીસ કર્મીઓની ધરપકડ કરી હતી. જેમાં આઈપીએસ ઓફિસર દિનેશ એમએનનો સમાવેશ થાય છે. સીબીઆઈએ ગુરૂવારના દિવસે આશરે ૪ કલાક સુધી કટારિયાની આકરી પુછપરછ કરી હતી. કટારિયાએજ શોહરાબુદ્દીન બનાવટી એન્કાઉન્ટરનો ભાગ બનવા રાજસ્થાન પોલીસને કહ્યું હતું સીબીઆઈના જણાવ્યા મુજબ આ એન્કાઉન્ટર એક મોટા કાવતરાના ભાગરૂપે કરાયું હતું.

કોંગો ફીવરથી મેડીકલ વિદ્યાર્થીનું મોત

ગયા વર્ષે અમદાવાદમાં કોંગો ફીવરના માત્ર ત્રણ જ કેસ નોંધાયા હતા : કોંગો ફીવરના ટેસ્ટ માત્ર પુણેમાં થાય છે

અમદાવાદ, તા. ૨૨

એનએચએલ મેડીકલ કોલેજમાં એમડીના ત્રીજ વર્ષમાં અભ્યાસ કરતાં ડો. સ્મીરલ પરીખનું કોંગો ફીવરને કારણે સ્ટર્લીંગ હોસ્પિટલમાં મૃત્યુ થયું હોવાની વિગતો બહાર આવી છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ કોંગો ફીવરનો ટેસ્ટ માત્ર પુનામાં થાય છે અને ગત વર્ષે અમદાવાદમાં કોંગો ફીવરના ત્રણ કેસ નોંધાયા હતા. ડો અતુલ પટેલે ગત વર્ષે કોંગો ફીવરના આ ત્રણ કેસ શોધી કાઢ્યા હતા. ડો. સ્મીરલ પરીખે પણ તાવ આવતં ડો. અતુલ પટેલનો સંપર્ક કર્યો હતો. ડો. પરીખે એમબીબીએસનો કોર્સ સુરેન્દ્રનગરની મેડીકલ કોલેજમાં કર્યો હતો અને તેમના માતા-પિતા હાલમાં કેનેડામાં રહે છે. આ ઉપરાંત આજે શહેરમાં ઝાડાઉલ્ટીના ૧૬ કેસ, કમળાના ૭, ટાઈફોઈડના ૩, મેલેરીયાના ૧૨ કેસ નોંધાયા હતા. જ્યારે જુન મહિનામાં આજ સુધીમાં ઝાડાઉલ્ટીના ૫૦૫ કેસ, કમળાના ૧૮૩, ટાઈફોઈડના ૯૩, મેલેરીયાના ૩૦૫, કોલેરાના ૧૧, ફાલ્સીપારમના ૬ અને ડેન્ગ્યુના ૨ કેસ નોંધાયા છે. તદઉપરાંત ખાનગી હોસ્પીટલોમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગોના સંખ્યાબંધ કેસો નોંધાયો હોવાનું જાણવા મળે છે.

સમાચાર ઝલક

- ઓકટોબરથી જીવનવીમા પોલીશીઓમાં ધરખમ ફેરફારો.
- મોંઘવારી હટાવ આંદોલન ૨૩૧ સ્થળોએ ભારતીય જનતા પાર્ટીએ યોજેલ છે.
- રાજેશ ખન્ના (કાકા)ની તબિયત સારી છે, ચાહકોને કાકાએ દર્શન આપ્યા.
- ઓલિમ્પિકમાં ટેનિસની બે ટીમ મોકલવાનો નિર્ણય.
- જુલાઇમાં તા.૧૭-૧૮ મીએ વિધાનસભા ચોમાસું સત્ર મળે તેવી શક્યતા.
- ભારતમાં મોટી ખાનગી કંપનીનાં કર્મચારીઓને વર્ષ ૧૧-૧૨ માં ૨૭ ટકા સુધીનો પગાર વધારો મળેલ છે.
- રથયાત્રાના દિવસે કાર બાઇકોનું વેચાણ વધ્યું, મંદીની કોઇ અસર નથી.
- કેબલ ટીવીનું ડિજિલાઇઝેશન ચાર મહિના પાછળ ઠેલાયું.
- ચોમાસું વિલંબમાં હાઇ કોઇ સિસ્ટમ બંધાતી નથી : હવામાન વિભાગ
- વાહન વિક્રેતાઓના શોરૂમ ખાતેથી જ આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન શરૂ થશે.
- બંને પગ નહિ હોવા છતાં કેનેડિયન સાહસિકે ૧૬,૦૦૦ ફૂટ ઊંચો પર્વત સર કર્યો.
- અમરેલી સબ જેલમાં તમામ સવલતો મળતાં જેલ તંત્ર હરકતમાં, મોબાઇલ, સીમકાર્ડ, તમાકું વગેરે પકડાયાં.
- ૧૫મી ઓગસ્ટ સ્વાતંત્ર્ય દિનાની રાજ્યકક્ષાની ઉજવણી જૂનાગઢમાં.
- ગોંડલના બાલા હનુમાન મંદિરે ૩૨ વર્ષથી ચાલતી અખંડ ધૂન અષાઢી બીજે ૩૩માં વર્ષની ઉજવણી કરી.
- રૂપિયો વિક્રમ સપાટીએ તૂટ્યો.

દલિતો વિદ્યાર્થીઓને અપાતા મફત પાઠ્યપુસ્તકો માટે આવક મર્યાદા વધારવા માંગ

ગાંધીનગર, તા.૨૨

રાજ્ય સરકાર દ્વારા ઈ.ડી.એન. ૨૦ યોજના અંતર્ગત એ.સી., એસ.ટી., ઓ.બી.સી. જાતિના વિદ્યાર્થીઓને મફત પાઠ્યપુસ્તકો આપવા માટે તેમના માતા-પિતા કે વાલીની વાર્ષિક આવક ૨૫ હજાર કરતા ઓછી હોય તેવા પરિપત્રની યોજના અમલમાં છે. વાર્ષિક આવક મર્યાદામાં સુધારો કરવા દલિત સેનાએ માંગ કરી છે.

આજની કારમી મોંઘવારીમાં કુટુંબીજનોના ભરણપોષણ અને અભ્યાસ માટે ૨૫ હજાર આવકનો દાખલો કોઈ પણ અધિકારી ખોટો આપી જ શકે નહીં તેથી આ યોજના ફકત કાગળ પર ન રાખતાં આ વર્ગના એસ.ટી., એસ.સી., ઓ.બી.સી.ના વિદ્યાર્થીઓને આ લાભ માટે આવક મર્યાદા ૫૦ હજાર કરવી જોઈએ તો જ આ વર્ગ આ યોજનાનો લાભ મેળવી શકશે. સરકારની આ યોજના કામિયાબ નીવડે તે માટે આ પરિપત્રમાં આવકનો સુધારો સત્વરે કરવો જોઈએ. આ વર્ગને લાભ થાય તે માટે ગાંધીનગર જિલ્લા દલિત સેના પ્રમુખ બી.એચ. મેસરવાલા તેમજ ડી.આર. પરમારે સંયુકત યાદીમાં જણાવ્યું છે.

વાવોલમાં ગેસ વિતરણ બંધ કરવા બાબતે આશીર્વાદ ગેસ એજન્સી સામે ફરિયાદ

ગાંધીનગર, તા.૨૨

આશિર્વાદ ગેસ એજન્સી દ્વારા વાવોલ ગામના ગ્રામજનોને દર રવિવારે ઈન્ડેન ગેસના બાટલાનું વિતરણ કરવામાં આવતું હતું. જે થોડા સમયથી સંપૂર્ણ બંધ કરી દેવામાં આવ્યું છે. અને બાટલા ઘરે ઘરે પહોંચાડવાની જગ્યાએ તળાવની પાળે ઉભા રહી વિતરણ કરતા હતા. જેથી ગામમાં દુર રહેતાં અશકત અને ઉંમરલાયક માણસોને તકલીફ પડે છે. જેથી ગ્રામજનોની એવી માંગણી છે કે કોઈ સારું કામ કરતી એજન્સીને વિતરણ વ્યવસ્થા સોંપવામાં આવે. તેમ ગ્રામજનો ઈચ્છી રહ્યા છે. ગાંધીનગર અસરગ્રસ્ત ખેડૂત મંડળના પ્રમુખ ઝીલુજી વાઘેલાએ જણાવેલ છે.

શબ્દાવલી - ૪૭૬૬



આડી ચાવી

૧. લોકોમાં જાણીતું (૪)
૪. છેલ્લું કે છેવટનું ઘર (૩)
૬. બાણ, શર (૨)
૭. લાંચ (૩)
૮. 'કોપ' શબ્દ ઊંધો (૨)
૯. રખડવાનું જ કામ કર્યા કરે તેવો (૩)
૧૦. તરત જ (૩)
૧૧. જૂનુ નહિ તેવું (૨)
૧૨. ઈનામમાં મળેલી જમીન કે કાંઈ (૩)
૧૪. કલાડી, એક પ્રકારની લોઢી (૩)
૧૬. ઠગારો (૩)
૧૭. ... બન ગયા જેન્ટલમેન્ટ (ફિલ્મ) (૨)
૧૮. આંધી, એક વાતને પકડી રાખવી (૨)
૧૯. જક્ક, એક વાતને પકડી રાખવી (૨)
૨૦. નીલ, સફેદ કપડા ધોઈને ઉપર ચડાવાતું વાદળી પાણી (૨)

ઊભી ચાવી

૧. પ્રતિષ્ઠા પામેલી (૪)
૨. ચંચળ, અસ્થિર (૨)
૩. રીત (હિન્દીમાં) (૩)
૪. ઉલ્લુ બનાવવું, છેતરામણી (૪)
૫. ડમરૂં (૪)
૮. ફાયદો-ખોટ, નફો નુકશાન (૪)
૧૩. શરીરને કષ્ટ આપી કરાતો યોગ (૪)
૧૪. ખુવારી, નુકશાન (૩)
૧૫. ખરાપણું, વાસ્તવિકતા (૩)
૧૮. એક જીવડું (૨)

શબ્દાવલી ૪૭૬૫ના જવાબ

આડી ચાવી :- (૧) અડીખમ (૩) વિદ્રોહ (૫) રીસામણાં (૬) [redacted] (૧૧) રૂખસદ (૧૫) સગડ (૧૭) [redacted] ૨૧) આંબોળીયુ

[redacted] [redacted]રૂ (૨) મરી (૩) વિમ (૪) દ્રૌણાચાર્ય ([redacted] ૧૨) ખલાસી (૧૩) દબદબો (૧૪) [redacted]ો (૧૯) મળી

સરખેજ સુધી ગાંધીનગરની વિટકોસ બસ દોડાવવા માગ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરથી સરખેજ સુધીના રૂટ પર નિયમિત મુસાફરી કરતાં મુસાફરો માટે વિટકોસ બસને સરખેજ સુધી લંબાવવાની ખાસ માંગ કરી છે. મુસાફરોને સરકારી બસો કરતા ખાનગી વાહનોમાં મુસાફરી કરે છે. તો એસ.ટી. સત્તાવાળાઓએ જરૂરી સંકલન કરી સરખેજની બસ વ્યવસ્થામાં સઘન સુધારો થઈ શકે તેમ છે.

નૈસર્ગિક સ્વાસ્થય મંડળ ગાંધીનગરની ૩૦મીએ સામાન્ય સભા યોજાશે

ગાંધીનગર, તા.૨૨

નૈસર્ગિક સ્વાસ્થય મંડળ ગાંધીનગરની સામાન્ય સભા તા. ૩૦ જૂનના રોજ સવારે ૧૧.૦૦ કલાકે સેકટર-૧૭ના ટાઉનહોલની લોનમાં સંસ્થાના પ્રમુખ રમણલાલ શ્રીમાળીના અધ્યક્ષ સ્થાને મળનાર છે. તેમ સંસ્થાના મહામંત્રી રણછોડભાઈ રાણાએ જણાવેલ છે. કારોબારીની વરણી કરવામાં આવનાર છે.

બેઠક તોફાની બનશે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

હોવાની વાતો પણ રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહી છે. કોંગ્રેસના આગેવાનો પણ આ મુદ્દે જાણે કશું જ ગંભીર નથી એમ બેફિકરાઈથી આગળ વધી રહ્યા હોય તેમ લાગી રહ્યું છે.

શાળાઓમાં બાળકોને પેયજળ માટે વોટરકુલર મુકવાની યોજના તેમજ સભ્યોના વિસ્તારોમાં આંકડા મુકવાના મુદ્દે પણ આ બેઠકમાં ઉગ્ર ચર્ચાઓ થાય તેવી શકયતાઓ નકારાતી નથી.

ભાજપ-કોંગ્રેસના નેતાઓ વિધાનસભાની ચૂંટણીને લઈ સંગઠ્ઠનમાં પોતાના માણસોની નિમણુંકો થાય તેમાં વ્યસ્ત બન્યા હોઈ તાલુકા પંચાયતના વહીવટમાં કોઈ જ ધ્યાન બંને પક્ષોમાંથી કોઈની નેતાગીરી આવી રહી નથી તેથી પણ સભ્યો નારાજ બન્યા છે.

મેડીકલ કોલેજને

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

પહેલી મેડીકલ કોલેજ બનશે જે એન.એ.બી.એચ. દ્વારા પ્રમાણિત હશે. આમ ગાંધીનગર મેડીકલ કોલેજ એ મોડેલ મેડીકલ કોલેજ બનશે. જો કે મેડીકલ કોલેજનું સંપૂર્ણ કેમ્પસ તૈયાર થતાં હજુ બે થી ત્રણ વર્ષનો સમયગાળો લાગશે. કેમ્પસની સાથે સાથે હોસ્પિટલ કેમ્પસનું પણ વિસ્તરણ કરવામાં આવી રહ્યું છે. હાલ હોસ્પિટલમાં ૩૦૦ બેડથી સુવિધા છે અને વધુ ૪૦૦ બેડ આગામી બે વર્ષમાં વધારી દેવામાં આવશે.

હોસ્પિટલમાં અલગ ઓ.પી.ડી. ભવન બનાવવા ઉપરાંત હોસ્પિટલના વર્તમાન કેમ્પસમાં પણ ઘણા બધા સુધારા કરવામાં આવશે.

બીજી તરફ મેડીકલ કોલેજની જે કેટલીક જગ્યાઓ હજુ ભરવાની બાકી છે તે ભરવા અંગેની કાર્યવાહી પણ આગામી દિવસોમાં હાથ ધરી દેવામાં આવશે. ગાંધીનગર મેડીકલ કોલેજની ફી ફી નિર્ધારણ સમિતિ જે નિયત કરશે તે જ લેવામાં આવશે તેમ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું છે. ફી નિર્ધારણ અંગેની ઔપચારિકતા પણ એકાદ પખવાડિયામાં જ પૂર્ણ થઈ જશે તેવો વિશ્વાસ આ સૂત્રો ધરાવે છે.

મિલકતો જાહેર કરી નથી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

રાજસ્થાન અને બિહારના ૨૨-૨૨ અધિકારીઓ છે. હિમાચલપ્રદેશના ૨૦ ઓફિસરો છે. ૨૧ જમ્મુ-કાશ્મિરના છે અને ગુજરાત તેમજ તામિલનાડુના ૧૮-૧૮ અધિકારીઓ છે જેમને પ્રોપર્ટી જાહેર કરી નથી. આ ઉપરાંત પશ્ચિમ બંગાળ, મધ્યપ્રદેશ, હરિયાણા, કેરાલા અને ઓરિસ્સાના ઓફિસરોનો આ યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

પ્રોપર્ટી ડિકલેર નહીં કરવાના કેસોમાં ભારત સરકારે તમામ રાજ્યોના ગૃહ મંત્રાલયને પત્ર લખ્યો છે અને જવાબ માગ્યો છે. આ સાથે એવી ચેતવણી પણ આપી છે કે કસૂરવાર અધિકારીઓના પોલીસ શૌર્ય મેડલ માટે ભલામણ કરી શકાશે નહીં.

જેલભરો કાર્યક્રમ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

વિકાસ નિગમ બોર્ડના ચેરમેન શ્રી પૂનમભાઈ મકવાણા, જિલ્લા ઉપપ્રમુખ શ્રી નાથુભાઈ ચૌધરી, હિતેન્દ્રભાઈ પટેલ, ગાંધીનગર તાલુકા ભાજપ પ્રમુખશ્રી શૈલેષ પટેલ, કાર્યક્રમના ઈન્ચાર્જ શ્રી જશુભાઈ પટેલ, તાલુકાના મહામંત્રીઓ અને જિલ્લાના હાલના તથા પૂર્વ હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં.

આ મુજબ ગાંધીનગર જિલ્લાના અન્ય તાલુકા સ્થળ માણસા, કલોલ તથા દહેગામ ખાતે પણ જેલ ભરો કાર્યક્રમ કાર્યકર્તાઓની મોટી સંખ્યામાં ઉપસ્થિતિમાં સફળતાપૂર્વક કરવામાં આવ્યો.